# બજારમાં અવનવી રાખડીઓનું આગમન

**બજારમાં જડતરવાળી રાખડી, ભૈયા-ભાભી (કપલ) રાખડી, બ્રેસલેટ ટાઈપ રાખડી, વુડન પોતાના નામ વાળી રાખડી, બાળકો માટે લાઇટિંગ અને કાર્ટુન વાળી રાખડીઓની ભરમાર જોવા મળી રહી છે.**

રક્ષાબંધન નો પવિત્ર પર્વ તારીખ ૩૦ ઓગષ્ટ ના રોજ છે. ત્યારે ગાંધીનગર માં બજારમાં વિવિધ પ્રકારની અવનવી વેરાઈટી વાળી રાખડીઓનું આગમન થઈ ચૂક્યું છે. જોકે, આ વખતે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટિંગ વધતાં રાખડીઓના ભાવોમાં આશરે ૨૦થી ૨૫% જેટલો તોતીંગ વધારો નોંધાયો છે. હાલ અવનવી વેરાઈટી વાળી રાખડીઓ ૨૦ રૂપિયાથી શરૂ થઈને મોંઘીદાટ રાખડીઓની ભરમાર બજારમાં જોવા મળી રહી છે, પરંતુ પર્વને લઈને હજુ જોઈએ તેટલી ઘરાકી ન ખૂલી હોવાનું ધંધાર્થીઓ જણાવી રહ્યા છે. જ્યારે બીજી બાજુ હોમમેડ રાખડીઓની બોલબાલા વધી છે.ભાઈ બહેનનો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન આ દિવસે બહેન ભાઈની રક્ષા કાજે કલાઈ પર રાખડી બાંધે છે. જ્યારે ભાઈ તેને રીટર્ન ગીફ્ટ તરીકે અનેક ભેટ સોગાદ આપે છે. કોરોના બાદ આ તહેવારમાં કેટલાક અંશે ફેરફાર નોંધાયો છે. પહેલા આપણે સૌ રેડીમેડ રાખડીઓ સહિત મિષ્ટાન, ચોકલેટ આ પર્વ પર બજારમાંથી લાવતાં હતાં, પરંતુ કોરોના કાળ બાદ હોમમેડ એટલે કે ગૃહ ઉદ્યોગોનું ચલણ વધ્યું છે. હોમમેડ રાખડીઓ અને મિષ્ટાનોનું ચલણ વધતાં હાલ બજારો ફીક્કા પડી ગયા છે. બજારમાં આવતી તૈયાર રાખડીઓમાં પણ ટ્રાન્સપોટેશનથી લઈને વિવિધ લેબરનું કોસ્ટિંગમાં વધારો થતાં ગત વર્ષની સરખામણીમાં આશરે ૨૫% જેટલો વધારો નોંધાયો હોવાનું ધંધાર્થીઓ કહી રહ્યા છે.

**રાખડીઓની અવનવી વેરાઈટી:**

રાખડીઓની ભરમાર વેરાઈટી જોઇએ તો ડાયમંડ, કલકત્તી, જરદોશી, એડીસ્ટોન વગેરે પ્રકારની રાખડીઓ ૨૦, ૩૫, ૫૦ રૂપિયાથી શરૂ થાય છે અને અનેક પ્રકારની પેટર્ન પર તેના નક્કી કરેલા ભાવ હોય છે. એડીસ્ટોનમાં તો ૫૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની અલગ અલગ પેટર્ન વાળી રાખડીઓ આવે છે. આ ઉપરાંત જડતરવાળી રાખડી, ભૈયા-ભાભી (કપલ) રાખડી, બ્રેસલેટ ટાઈપ રાખડી, વુડન પોતાના નામ વાળી રાખડી, બાળકો માટે લાઈટિંગ અને કાર્ટુન વાળી રાખડીઓની ભરમાર જોવા મળી રહી છે.

**ફુડ પેર્ટન વાળી રાખડીઓએ આકર્ષણ જમાવશે:**

આ વખતે નવા પ્રકારની પેર્ટન વાળી રાખડીની વાત કરવામાં આવે તો ખાસ કરીને ફુડ પેર્ટન વાળી રાખડીઓએ આકર્ષણ જમાવી રહી છે. જેમાં બર્ગર, ચીજ, કેક, પાણીપુરી જેવા ખાદ્ય પદાર્થના આકાર વાળી રાખી આવી છે. જેની કિંમત ૫૦ રુપિયાથી શરૂ થાય છે અને અનેક પ્રકારની પેર્ટન પર ઉપલબ્ધ છે. ફુડ પેટન વાળી રાખીનો ક્રેઝ હાલ નોર્મલ છે ઘરાકી નહી હોવાને કારણે પણ આ વખતે આ નવી



વેરાઈટી હોવાને કારણે વેચાણ વધશે તેવું દુકાનદારો જણાવી રહ્યા છે. ખાસ કરીને ટ્વીન વર્ગ આ રાખડીની પસંદગી કરશે તેમ મનાઈ રહ્યું છે.

**કઈ રીતે રાખડીના ભાવો નક્કી થાય:**

આ તમામ વચ્ચે તમને મનમાં સવાલ થયો હશે કે રાખડીઓના ભાવો કઈ રીતે નક્કી કરવામાં આવે છે. એક રાખડી બનાવવા પાછળ ઘણો સમય જાય છે. જેમાં બારીકાઈથી કારીગરોને કામગીરી કરવાની હોય છે. હેવી પ્રકારની રાખડીઓ જેમ કે ડાયમંડ, એક્રેલીક વગેરે રાખડીઓમાં તેના લેબર કોસ્ટિંગ પર જતુ રહે છે. જેથી લેબર મજૂરી અને જેવા જેવા પ્રકારની રાખડીઓ તેવા તેવા પ્રકારના તેના ભાવો હોય છે. જેમાં લેબર કામ ઓછુ તેના ભાવ નીચા અને જેમાં લેબર કામ વધુ તેના ભાવ ઊંચા હોય છે. અહીંયા લેબર અને ધંધાર્થી બન્નેના હિત છુપાયેલા હોય છે.

બજારમાં છેલ્લા ઘણા વર્ષોથી રાખડીનો સિઝનેબલ ધંધો કરતાં રમણીક ભાઈ જણાવે છે કે, અમે તો તૈયાર રાખડીઓ લાવીએ છીએ પરંતુ જે જગ્યા પર આ રાખડીઓનું મેન્યુફેક્ચરીંગ થાય છે તે લોકો આખુ વર્ષ મહેનત કરે છે અને અમુક રાખડીઓમાં તો ખુબજ જીણવટ ભર્યું કામ હોવાથી તેના લેબર ભાવ અને અન્ય રો મટીરીયલ જોડીને ભાવો નક્કી કરાતાં હોય છે. અધુરામાં પુરુ આ વખતે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટિંગ વધી ગયો છે તેથી ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે રાખડીઓમાં આશરે ૨૦થી ૨૫%નો તોતીંગ વધારો કહી શકાય છે.આ વર્ષે બજારમાં હજુ જોઈએ તેવી ઘરાકી ખુલી નથી. જોકે પર્વના છેલ્લાં સમયમાં રાખડીના બજારમાં તેજી આવશે તેવુ જણાવ્યું હતું.

**રાખી કાર્ડની પણ બોલબાલા વધી:**

સોશિયલ મીડિયા અને ટેકનોલોજીના યુગમાં પણ કાર્ડ એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. એક સમય હતો કે રક્ષાબંધન, દિપાવલી વગેરે પર્વ પર કાર્ડનો જમાનો હતો, પરંતુ આજના ફાસ્ટ યુગમાં આ તમામ નામશેષ થવા જઈ રહ્યું છે. ત્યારે રક્ષાબંધન પર્વ પર કાર્ડની અવનવી વેરાઈટી બજારમાં જોવા મળી રહી છે. જેના ભાવ ૧૫, ૨૦, ૩૦, ૫૦ રૂપિયાના જોવા મળે છે. જોકે, આ ટેક્નોલોજીના યુગમાં કાર્ડ એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું એજ મહત્વનું છે.

**હોમમેડ ચોકલેટોનું ચલણ વધ્યું:**

રક્ષાબંધનમાં બહેન ભાઈને મો મીઠુ કરાવે છે. પહેલાના સમયમાં ગોળ, સાકરથી મો મીઠું કરાવવામાં આવતુ હતું, પરંતુ સમય બદલાતાં પેંડા, કાજુકતરી જેવી મીઠાઈ અને હવે તો નવો ટ્રેડ મોંઘીદાટ ચોકલેટ ખવડાવી બહેન ભાઈનું મો મીઠું કરે છે. આવી પરિસ્થિતિ વચ્ચે કોરોના બાદ એકાએક બજારમાં આવતી ખ્યાતનામ કંપનીની ચોકલેટ ખરીદવા કરતાં લોકો હોમમેડ ચોકલેટની ખરીદી તરફ વળ્યાં છે.

# સૌને અંતે તો સુખ-શાંતિ સુધી જ પહોંચવું છે, શિવ એટલે જ કલ્યાણ, શાંતિ અને સુખ

**દરેક મનુષ્યના અંતરમાં ઈશ્વર છે, જેને આપણે અંતર્યામી કહીએ છીએ : ઈશ્વરેચ્છા વિના આપણે એક પાંદડું પણ હલાવી શકતા નથી, આમ છતાંય કેટલું બધું હલાવી નાખવાની ઈચ્છાઓ રાખીએ છીએ**

અધિકમાસ... તેમાં પણ અધિક શ્રાવણ માસ.. એમાંય સોમવાર અને તેમાં વળી શિવમહિમ્નસ્તોત્રનો સત્સંગ સાંભળવાનો અવસર ...આવો સુભગ દિવ્ય સમન્વય ભગવાન શિવની કૃપા વિના સંભવ નથી... ભગવાન શિવના ઈશ્વરત્વને સિદ્ધ કરવા માટે પુષ્પદંતજી મહારાજ કહે



છે, 'હે વરદ!(વરદાન આપે તે)' ભગવાન શિવના વરદાનથી અમૂલ્ય એવો માનવ દેહ મળ્યો છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. હે પ્રભુ! સમસ્ત જગતની ઉત્પત્તિ, રક્ષા અને પ્રલય આપ જ કરી રહ્યા છો. પરંતુ જેની બુદ્ધિ જડ છે તેઓ આપના અસ્તિત્વનો વિરોધ કરી રહ્યા છે. ઈશ્વર એ સૂક્ષ્મ વિષય છે. જડમતિ લોકો ઈશ્વરના ઐશ્વર્યનું અત્યંત આક્રોશ ભરેલી વાણીથી ખંડન કરે છે. આપણે જ્યારે કોઈપણ બુદ્ધિપૂર્વકનું વ્યવસ્થિત સર્જન જોઈએ ત્યારે માનવું કે, એ સર્જનની પાછળ તેનો કોઈ સર્જક હોવો જોઈએ, કોઈ કર્તા હોવો જોઈએ. ક્રિયેટર વિના ક્રિએશન શક્ય નથી. માટીનો ઘડો જાતે બની જતો નથી, તેની પાછળ કોઈ કુંભાર હોવો જોઈએ. આ જગત પણ બુદ્ધિપૂર્વકનું સર્જન છે, તેની વ્યવસ્થા પોતાની મેળે થઈ જતી નથી. આ જગત કેવી રીતે બન્યું તે અંગે વિધવિધ મત-મતાંતરો છે; બિગબેંગ થીયરી કોઈ કહે છે, તો કોઈ વળી બ્લેકહૉલની થીયરી આગળ ધરે છે. હમણાં જ સંશોધન કરતાં ગૉડ પાર્ટીકલ મળી આવ્યાનું સાંભળ્યું. પણ હકીકતમાં સમસ્ત જગતની ઉત્પત્તિ ઈશ્વરે કરેલી છે?. આ જગત ઈશ્વરનું વ્યવસ્થિત, મહાન, વિશાળ સર્જન છે. આ બધું પોતાની રીતે બની જાય એવું માની શકાય નહીં. દરેક મનુષ્યના અંતરમાં ઈશ્વર છે, જેને આપણે અંતર્યામી કહીએ છીએ. એક પ્રેરક તરીકે દરેક વ્યક્તિમાં ઈશ્વરત્વ રહેલું છે, જે અંદર રહીને પ્રેરણા આપે છે. તમે જ્યારે સારું કાર્ય કરો છો ત્યારે અંદરથી સારું લાગે છે, અને જ્યારે તમે ખોટા માર્ગે જતા હો, ત્યારે એ માર્ગે જતાં તમને અંદરથી જ કોઈ રોકે છે. પછી ભલે તમે તે અંતરના અવાજને સાંભળો-ન સાંભળો એ અલગ વાત છે. પરંતુ તમને જે પહેલી પ્રેરણા થાય છે તે અંતર્યામીની જ પ્રેરણા છે. કોઈ યુવાન જીવનમાં પહેલીવાર બીડી-સિગારેટ કે અન્ય વ્યસન કરતો હોય ત્યારે અંદરથી કોઈ ના પાડે જ છે. કોઈ વ્યક્તિ અનિતીનું ધન લે છે ત્યારે પહેલી વાર તો કોઈ અંદરથી ના પાડે જ છે. તમારી અંદર બેઠેલો અંતર્યામી તમને હંમેશા સન્માર્ગે જ લઈ જાય છે. નાસ્તિક-જડમતી લોકો ઈશ્વરના અસ્તિત્વનું ખંડન કરે છે. એ અભાગી છે, દુર્ભાગી છે. તેમના જીવનમાં ક્યારેય કાંઈ મંગલ કે ભવ્ય થવાનું નથી. આવા લોકો જ ઈશ્વરનું ખંડન કરે છે અને કહે છે કે, ભગવાને આ જગત બનાવ્યું તો તે પહેલાં ભગવાન ક્યાં રહેતા હતા ? ભગવાને પૃથ્વી બનાવી તો તે ક્યાં બેસીને બનાવી ? આ પૃથ્વી બનાવવાનો કાચો માલ ભગવાન ક્યાંથી લાવ્યા ? જેમની બુદ્ધિ હણાઈ ગઈ છે એવા (હતધીય)લોકો આવા કૂતર્ક કરે છે. ઉપનિષદ અને વેદશાસ્ત્ર કહે છે, ઈશ્વરે જગત બનાવ્યું અને ઈશ્વર જ જગત રૂપે બન્યા. માટીના ઘડાનું નિમિત્તકારણ કુંભાર છે, જ્યારે ઘડાનું ઉપાદાનકારણ માટી છે. પરંતુ આ વિશ્વ, આ જગત બનાવનાર ઈશ્વર જ જગતનું નિમિત્તકારણ છે અને આ જગતનું ઉપાદાનકારણ પણ ઈશ્વર જ છે. જેવી રીતે કરોળિયો પોતાના જાળાંનું પોતાનામાંથી જ સર્જન કરે છે અને એ જાળાંને જરૂર પડે તો

**શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી**
**ત્રીજો દિવસ**

પોતાનામાં સમાવી લે છે. એવી જ રીતે ઈશ્વર આ સમસ્ત જગતને પોતાનામાંથી જ પ્રગટ કરે છે, અને પ્રલયકાળે પોતાનામાં સમાવી પણ લે છે. ઘણાં પાછા એમ પણ પૂછે છે કે, ઈશ્વર તો ચૈતન્ય છે અને પૃથ્વીના પદાર્થોતો જડ છે. તો ચેતનમાંથી જડની ઉત્પત્તિ કેવી રીતે થાય ? આપણે ચેતન છીએ, તોય આપણામાંથી વાળ અને નખ ઉત્પન્ન થાય છે ને. એ જડ નથી...? વાળ કપાવો કે નખ કાપો ત્યારે તમને પીડા થાય છે? આપણે સૂર્ય, વૃક્ષ, નદી, સમુદ્ર આ સર્જનોની પૂજા કરીએ છીએ. એટલા માટે કે, આ સઘળું ઈશ્વરરૂપ છે. "સિયારામમય સબ જગ જાની, કરહુ પ્રણામ જોરી જુગ પાની..." ઈશ્વરના ઐશ્વર્ય બાબતે કોઈ તર્ક થઈ શકે તેમ જ નથી. જેણે આ સમસ્ત પૃથ્વીને આકાશમાં અધ્ધર તરતી રાખી છે, એવા સર્જકને પોતાને બેસવા માટે કયા આધારની જરૂર પડે ? જેને પોતાનામાં સામર્થ્ય ન હોય, કુશળતા ન હોય તેને જ સાધનોની જરૂર પડે છે. જેનામાં કૌશલ્ય હોય તેને કોઈ સાધનની જરૂર પડતી નથી. ઈશ્વર સર્વસમર્થ અને પરમકુશળ છે. મંદબુદ્ધિ લોકોને ઈશ્વરના ઐશ્વર્યને સ્વીકારી શક્તા નથી. આ જગતને ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે. જ્યાં અનેક અવયવો સુવ્યવસ્થિત રીતે પોતપોતાનું કામ કરી રહ્યાં છે. એવા જગતને ઉત્પન્ન કરનાર કોઈ છે, તેનું સંચાલન કરનાર પણ કોઈ છે. પરમાત્માના ભયથી જ વાયુ વહે છે, અગ્નિ તપે છે. ઈશ્વરે જ આ તત્ત્વોને આદેશો આપ્યા છે કે, જળે હંમેશા નીચેની તરફ વહેવાનું. અગ્નિએ હંમેશા ઉપરની બાજુ ગતિ કરવાની. વાયુએ હંમેશા સમાંતર વહેવાનું અને પૃથ્વીને આદેશ કર્યો છે કે, તારા ઉપર મારા ભક્તો, મારા બાળકો રહે છે એટલે ખૂબ સમજી વિચારી કાળજીપૂર્વક ગતિ કરવી. સમસ્ત સૃષ્ટિ એક નિશ્ચિત વ્યવસ્થાથી ચાલે છે અને આ બધું ઈશ્વર જ કરે છે. મનુષ્ય ઘર બનાવે છે તો કેટલા અહંકારથી કહે છે કે, આ ઘર મેં બનાવ્યું. ઈંટો માટીમાંથી બનાવી પણ માટી કોણે બનાવી? ઈંટ અને સિમેન્ટને પાણીથી જોડ્યા, પણ એ પાણી કોણે બનાવ્યું? ઘર બન્યા પછી વાયુએ તેને સુકવીને મજબૂત કર્યું, એ વાયુ ક્યાંથી લાવ્યા? ફર્નિચર બનાવ્યું તે લાકડું જ્યાંથી આવ્યું તે વૃક્ષ કોણે બનાવ્યું? ઈશ્વર જ નિર્માણ કરે છે તમે તો નિમિત્ત છો. આટલા વર્ષો પછી પણ જીવ જાતે જળનું એક ટીપું કે લોહીનું એક બિંદુ પણ ઉત્પન્ન કરી શક્યો નથી. જીવ કોઈપણ નવી શક્તિ ઉત્પન્ન કરી શકતો નથી. વૈજ્ઞાનિકો પણ જે બ્રહ્માંડમાં છે તેને શોધી શકવા સમર્થ છે, તેઓ નવું કાંઈ ઉત્પન્ન કરી શકતા નથી. પોતાનું શરીર પણ પોતાના નિયંત્રણમાં નથી. અનેક પ્રયત્નો છતાં પણ વયની સાથે વૃદ્ધ થવાનું કોઈ અટકાવી શકતું નથી. આ સમસ્ત જગતમાં પળેપળ જે કંઈ પણ થઈ રહ્યું છે તે ઈશ્વર ઈચ્છાથી જ થઈ રહ્યું છે.

# ...ને સે-૧૩માં વિકલાંગ દંપતિ પગભર બની ગયું

**વિકલાંગ દંપતિના જીવનમાં આધાર બની તેમને સધ્ધર બનાવતી સામાજિક સુરક્ષા વિભાગની દિવ્યાંગ સહાય યોજના**

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરનાં સેક્ટર-૧૩/એ માં રહેતા ઝાકીર હુસેન અબ્બાસ શેખ જન્મથી જ ૮૦% વિકલાંગતા ધરાવે છે. અને તેમના પત્ની રાબિયા જાકીર હુસેન પણ ૪૦% વિકલાંગતા ધરાવે છે. આ વિકલાંગ દંપતી આજે પગભર છે,




અને સુખેથી જીવન જીવી રહ્યા છે. તેમના પરિવારમાં માતા-પિતા અને તેમની પત્ની તથા પુત્રી છે. પુત્રી સંપૂર્ણ સ્વસ્થ છે અને ધોરણ સાતમાં અભ્યાસ કરે છે. આ પાંચ વ્યક્તિઓના પરિવારનું જીવન આજે સુખમય પસાર થઈ રહ્યું છે જેનું મુખ્ય કારણ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી તેમની રોજગારીનો માર્ગ ખુલ્યો હોવાનુ ઝાકીરભાઈ જણાવે છે. ઝાકીરભાઈ કહે છે કે, તેઓ ધોરણ ૧૨ પછી ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે ભણી ન શક્યા. વિકલાંગ હોવાને કારણે રોજગારીની તક પણ ખૂબ ઓછી હતી. તેવા સમયે તેમને દિવ્યાંગોને લગતી યોજના વિશે માહિતી મળી અને એક નવુ આશાનુ કિરણ દેખાયુ. તેમણે જિલ્લા સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કર્યો. એ પછી તુરંત જ તેમને એસટી બસ મુસાફરી માટે પાસ અને ટ્રાઈસિકલની સુવિધા મળી. ઉપરાંત સંતસૂરદાસ પેન્શન યોજના થી માસિક રૂ.૬૦૦ ની સહાય શરૂ થઈ જે આજે વધીને મહિને ૧૦૦૦ રૂપિયા થઈ છે. આ બધું મળવા છતાં રોજગારીનો પ્રશ્ન હજી જેમનો તેમ ઉભો જ હતો! ત્યારે તેમણે સમાજ સુરક્ષા કચેરીની ફરી મુલાકાત લીધી અને તેમને રોજગારી અર્થે લારી મળી. જેમાં તેમણે ગલ્લો શરૂ કર્યો અને આવકનું એક સાધન ઊભું થયું. ઝાકીર હુસેન જણાવે છે કે તેમના પત્ની રાબિયા પણ વિકલાંગ હોવાથી નોકરી કે અન્ય કોઈ કામ કરી શકે તેમ ન હતા. પણ તેમના પત્નીને ઘર ખર્ચ માં આર્થિક ટેકો કરવાની ઘણી ઈચ્છા હતી તેઓ મનમાં મૂંઝાતા હતા આવા સમયે ફરી એક વાર સમાજ સુરક્ષા દ્વારા ચાલતી 'માનવ ગરીમા' યોજનાનો સાથ મળ્યો. અને તેમના પત્નીને બ્યુટી પાર્લર કીટ મળી. આજે આ કીટથી તેઓ ઘરમાં પાર્લર ચાલુ કરી પોતાના હાથ ખર્ચના પૈસા તો કમાય છે જ અને બચત પણ કરે છે.ઉપરાંત વિકલાંગ હોવાનો હવે તેમના પત્નીને રંજ નથી તેઓને હવે અન્ય પર આર્થિક રીતે આશ્રિત નથી રહેવું પડતું.

# સે.૨૮ સરકારી પ્રા.હિન્દી શાળામાં ગણવેશનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેક્ટર-૨૮માં રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત હિન્દી સરકારી પ્રાથમિક શાળા-૨ના વિદ્યાર્થીઓને ભામાશાહ ટ્રસ્ટી સુરેશજી જૈન અને બસંતા જૈનના સૌજન્યથી તમામ બાળકોને વિના મુલ્યે શાળાના ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું રાજપૂત, શિવાભાઈ રબારી, તલકાજી મેઘવાલ ઉપરાંત શિક્ષક ભંવરભાઈ, શિક્ષક મમતાબેન પણ હાજર રહ્યાં હતા. તમામ ટ્રસ્ટીઓ દ્વારા ભામાશાહ ટ્રસ્ટી સુરેશજી જૈનનું પુષ્પહાર અને પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું અને ટ્રસ્ટીઓએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જ્ઞાન સહાયક યોજના સહિત કરાર આધારિત ભરતી પ્રત્યે શિક્ષકોનો વિરોધ

ગાંધીનગર, તા. ૨૫

શિક્ષણ વિભાગમાં ખાલી રહેલી આશરે ૩૦ હજાર જેટલી જગ્યાઓ પર શિક્ષકોની કાયમી ભરતી કરવા અને જ્ઞાન સહાયક તેમજ પ્રવાસી શિક્ષક જેવી યોજનાઓને રદ કરવા રાજ્યના કેટલાંક જિલ્લામાંથી શિક્ષકો ગાંધીનગર સચિવાલય ખાતે રજૂઆત કરવા આવી પહોંચ્યા હતા.

સરકાર દ્વારા કરવામાં આવતી કરાર આધારિત ભરતી પ્રક્રિયા અંગે આક્રોશ વ્યક્ત કરતાં આ શિક્ષકોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા પ્રયાસ કાર્યો હતો



પરંતુ તેની મંજૂરી મળી નહોતી. આ સાથે શિક્ષકોએ સરકાર કરાર આધારિત શિક્ષકોની ભરતી ચાલુ રાખશે તો રાજ્યવ્યાપી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ઓરિએન્ટેશન પ્રોગ્રામનો આજથી નિફ્ટ ખાતે પ્રારંભ

**જાણીતા ડિઝાઇનર સુકેત ધીર હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે**

ગાંધીનગર, તા. ૨૫

નિફ્ટ ગાંધીનગર કેમ્પસ ખાતે ફ્રેશર બેચ ૨૦૨૩ને આવકારવા માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન ૨૬ જુલાઈ, ૨૦૨૩થી ૨૮ જુલાઈ, ૨૦૨૩ દરમિયાન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન નિફ્ટ ગાંધીનગરના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદની સમગ્ર દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ડૉ. સૂદ ઉચ્ચ શૈક્ષણિક ધોરણો, વૈશ્વિક ઉદ્યોગ જોડાણ અને વાઈબ્રન્ટ ઉજવણીઓ દ્વારા નિફ્ટ ખાતે કેમ્પસ જીવનના અદ્ભુત અને રોમાંચક અનુભવ માટે વિદ્યાર્થીઓનું સ્વાગત કરશે. ઓરિએન્ટેશન પ્રોગ્રામના ઉદઘાટન સમારોહમાં તા. ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ પ્રખ્યાત વક્તા તરીકે સેલિબ્રિટી ડિઝાઈનર સુકેત ધીરની હાજરીમાં યોજાશે. સુકેત નિફ્ટ દિલ્હીમાંથી ફેશન ડિઝાઈન ગ્રેજ્યુએટ છે. સુકેત ધીર ઈન્ડો-સેન્ટ્રીક ઈકો-ચીક, સમકાલીન મેન્સવેર બ્રાન્ડનું નેતૃત્વ કરે છે જે ક્લાસિક સિલુએટ્સમાં કલાત્મક તકનીકો અને વૈભવી કાપડને જોડે છે. સુકેત ધીર નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે



વૈવિધ્યસભર ડિઝાઈન પરિપ્રેક્ષ્ય અને ફેશન ઉદ્યોગમાં તેમની સફર અંગે ઈન્ટરેક્ટિવ સત્રમાં વાત કરશે. ત્રણ દિવસના કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેમ કે ઉદઘાટન સમારોહ જે વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવા માટે, વિદ્યાર્થીની નોંધણી, નિફ્ટ એકેડેમિક સિસ્ટમ, ક્રાફ્ટ ક્લસ્ટર ઈનિશિયેટિવ, ઈન્ડસ્ટ્રી લિંક્રેજ વગેરે વિશે વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન, વિદ્યાર્થીઓના શૈક્ષણિક જીવન સિવાય તેમની વિકાસ પ્રવૃત્તિઓ, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક જોડાણ અને વિદેશમાં અભ્યાસ કરવાની તકો, નિફ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જાણીતા ઉદ્યોગ નિષ્ણાતો વગેરે સાથે ક્રિયાપ્રતિક્રિયા, લિંગ સમાનતા અને કાર્યસ્થળની સલામતી માટે ઓરિએન્ટેશન, વિવિધ વિભાગો, પુસ્તકાલય, પ્રયોગશાળાઓ વગેરે સાથે વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન, શૈક્ષણિક લોન, શિષ્યવૃત્તિ યોજનાઓ માટે વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન, પોટ્રેટ બનાવવા અને ગ્રેફિટી પર વર્કશોપ, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને શહેર પ્રવાસ વગેરેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ઓરિએન્ટેશન પ્રોગ્રામમાંથી ફ્રેંહ્લ ખાતે શિક્ષણ અને વિવિધ પ્રવૃત્તિઓ સંબંધિત ઘણી માહિતી મેળવે છે.

# રાજ્યસભાના પદનામિત સાંસદની રાજ્યપાલ દેવવ્રતજી સાથે મુલાકાત

ગાંધીનગર,તા.૨૫

રાજ્યસભાના પદનામિત સાંસદ શ્રી બાબુભાઈ જે. દેસાઈએ આજે ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ બાબુભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા અને 'પરોપકારાય સતામ્ વિભૂતયઃ' નો ઉલ્લેખ કરીને કહ્યું કે, સત્પુરુષોનું જીવન પરોપકાર માટે જ હોય છે. તેમણે ખેડૂતો, ધરતી માતા, ગાય માતા, પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સૌના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિનો વ્યાપ વધારવામાં સક્રિયતા



કેળવવા અનુરોધ કર્યો હતો. બાબુભાઈ દેસાઈએ પણ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટેની ઝુંબેશમાં સક્રિયતાની ઈચ્છા વ્યક્ત કરી હતી.